EDII

Navgujarat Samay (Supple.: Ahmedabad Samay)

May 29, 2019
Page No. 3

# 'આંત્રપ્રિન્યોર્સ ભારતનું ભવિષ્ય છે'




પબ્લિક રિલેશન સોસાયટી ઓફ ઈન્ડિયાના અમદાવાદ ચેપ્ટર દ્વારા ગુજરાતમાં પીઆર ઈન્ડસ્ટ્રીનો પાયો નાખનારા સ્વ. સુરેશ બુચની યાદમાં મેમોરિયલ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના ડાયરેક્ટર ડો. સુનિલ શુક્લાએ પબ્લિક રિલેશન ફોર સસ્ટેઇનેબલ નેશન ડેવલપમેન્ટને કેન્દ્રમાં રાખીને વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે 'આજના ઝડપથી આગળ વધી રહેલા વિશ્વમાં આંત્રપ્રિન્યોર્સ ભારતનું ભવિષ્ય છે. તેઓ દેશને આકાર આપવામાં મદદ કરશે.' આ કાર્યક્રમમાં પબ્લિક રિલેશન સોસાયટી ઓફ ઇન્ડિયાના સભ્યો, યુવાઓ અને વડીલો ઉત્સાહભેર હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉન્મેશ દિક્ષીત, દીલિપ ચૌહાણ, વિપુલ શુક્લા, બી.આર.ભટ્ટ તથા જુદા-જુદા ક્ષેત્રોના અન્ય અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. AhmedabadSamay